## ગાંધીનગર રનર ક્લબના સભ્યો આજે ૨૧ કિ.મી. ની દોડ કરશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર રનર્સ ગૃપ દર રવિવારે પૂનિત વન ભેગા થઇને ૧૦-૧૨ કિ.મી.ની નિયમિત રનીંગ પ્રેક્ટીસ કરે છે. આવતીકાલે આ ગૃપના ૧૬ સભ્યો ડો. જીજ્ઞેશ રાજવીર, ડો. ગુંજન જૈન, સંજય થોરાત, બ્રજેશકુમાર, દીપક સક્સેના, દિલીપસિંહ ડોડીયા, કેયુર કાસ્લીવાલ, મયુર થાનકી, વાઘેલા ઇન્દ્રસિંહ, શ્રીવાસ્તવ, સંજય, ઉર્મીલ વેદ, સંતોષ કાપડી, પ્રવીણ નાયર, શૈલેશ પુરા ૨૧ કિ.મી.ની ટ્રાયલ મેરેથોન રન કરવાનાં છે. આજે જ્યારે ભારતભરમાં યુનિટી ફોર રન માટે ૨ કિ.મી. રન થવાની છે ત્યાં આ ૧૬ દોડવીરો ૨૧ કિ.મી.ની રનથી એમનો ફાળો સરદાર પટેલનાં સ્મારક માટેની યુનિટી માટે આપશે.

# બાલવા ચોકડી પાસે શટલીયા જીપ પલ્ટી મારતા બે ના મૃત્યુ : ૭ ઘાયલ

### ગોઝારીયાથી ગાંધીનગર આવી રહી હતી ત્યારે જીપ પલ્ટી ખાઈને ઝાડ સાથે ટકરાતા ગંભીર અકસ્માત સર્જાયો : એકની હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૧૪

મહેસાણા જિલ્લાના ગોઝારીયાથી ગાંધીનગર તરફ મુસાફરો ખીચોખીચ ભરીને આવી રહેલી શટલીયા જીપ કલોલ તાલુકાના બાલવા ચોકડી પાસે પલ્ટી ખાઈને ઝાડ સાથે ભયંકર રીતે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે મુસાફરોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે સાત મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. કલોલ તાલુકા પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

ગોઝારીયાથી ગાંધીનગરના શટલીયા મારી રહેલી જીપના ચાલકે ગોઝારીયા ચોકડીથી જીપમાં ઠસોઠસ ૯ મુસાફરો જીપમાં ભરીને તેઓ ગાંધીનગર તરફ આવવા નીકળ્યા હતા. બેફામ ગતિએ હાઈવે પર જઈ રહેલી જીપ કલોલ તાલુકાના બાલવા ચોકડી નજીક ટહુકો હોટલ સામે પહોંચી ત્યારે અચાનક પલ્ટી મારી ગઈ અને હાઈવેની બાજુમાં ઝાડમાં જીપ ઘુસી ગઈ હતી. આ માર્ગ અકસ્માતમાં મુસાફરોની ચિચિયારીઓ હાઈવે પર ગુંજી ઉઠી હતી. બપોરે બનેલીઆ ઘટનામાં મહેસાણાના ખેરવા ગામે રહેતા ૫૨ વર્ષીય મહિલા મુસાફર આનંદીબેન જયંતિભાઈ પટેલ અને ગોઝારીયાના ૪૫ વર્ષીય દિનેશભાઈ બબાજી ડોડીયા બે મુસાફરોના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય મુસાફરોને ઘાયલ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકી એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.



માણસ નવસર્જન કરે છે... ઉંચી ઉંચી ઈમારતો નિર્માણ કરે છે.. પણ તેને 'મેઈન્ટેન' કરાવવા ક્યારેય એ નથી વિચારતો કે કોઈકના જીવનની કિંમત છે. આટલી ઉંચી જગ્યાએ સફાઈ કરતાં આ કામદારની જીંદગી કેટલી જોખમી છે તેનો ખ્યાલ માલિકોને ક્યાંથી આવે.... (તસવીક : કશ્યપ નિમાવત)

# રીચા આત્મ હત્યા કેસમાં પતિ અને સસરાની આગોતરા જામીન અરજી ખારીજ

ગાંધીનગર, તા. ૧૪

સે. ૨૨માં રહેતા બ્રાહ્મણ પરિવારની દીકરી રીચા આત્મહત્યા કેસમાં હાઈકોર્ટે તેણીના પતિ અને સસરાની આગોતરા જામીન અરજી ખારીજ કરી છે. અગાઉ ગાંધીનગરની સેસન્સ કોર્ટમાં પણ પરિણિતાના સાસરીયાઓની જામીન અરજી નામંજૂર થઈ હતી.

સે. ૨૨માં રહેતા જીતેન્દ્રભાઈ ત્રિવેદીની પુત્રી રીચાના લગ્ન વર્ષ ૨૦૧૨ દરમિયાન અમદાવાદના મૃણાલ શાહ સાથે થયા હતા પણ લગ્નજીવન દરમિયાન તેણીના સાસુ ધૈર્યબાળા શાહ (રહે. બંગલા નં. ૧ કૈલાસ સોસાયટી એમ.કે. હાઉસની પાછળ આશ્રમ રોડ અમદાવાદ) સસરા મનોજ વાડીલાલ શાહ તેમજ પતિ મૃણાલ દ્વારા શારિરીક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. તેણીના સસરા મનોજભાઈ પરિણિતાને વારંવાર શારિરીક અડપલા કરતા હતા. આ સઘળા ત્રાસથી કંટાળી પરિણિતાએ ૧૦ મહીનાના ટુંકા લગ્નગાળામાં આત્મહત્યા કરી હતી. આ કેસ સંદર્ભે પરિણિતાના સાસરીયાઓએ હાઈકોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. જેના અંતે હાઈકોર્ટના જજ એ.જે. દેસાઈએ પરિણિતાના સસરા તેમજ પતિની આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે.

# ચિલોડા સર્કલ નજીક અજાણ્યા જીપચાલકે મહિલાને ટક્કર મારતાં સારવાર બાદ મોત

### વહેલી સવારે બે મહિલા સાથે દૂધ લેવા જઈ રહી હતી

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર ચિલોડા સર્કલ પાસે અમદાવાદ રોડ પર વહેલી સવારે સાથે પડોશમાં રહેતી બે મહિલાઓ દૂધ લેવા જઈ રહી હતી ત્યારે એક અજાણ્યા જીપચાલકે બંનેને ટક્કર મારતાં અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતા ઈજાગ્રસ્ત મહિલાને અમદાવાદ આર્મીની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા બાદ મૃત્યુ નીપજ્યું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ ચિલોડા સર્કલથી થોડે દૂર અમદાવાદ જવાના માર્ગ ઉપર ગુરૂકૃપા હોટલ તથા કમલગેસ્ટ હાઉસની સામે તીરૂપતિ સોસાયટી ચિલોડા મોટા ખાતે રહેતા આર્મીના પરિવારની બે મહિલાઓ સાથે વહેલી સવારે એક તબેલામાં દૂધ લેવા જઈ રહી હતી ત્યારે એક અજાણ્યા જીપચાલકે પોતાનું વાહન પુરઝડપે બેફિકરાઈ, ગફલતભરી રીતે અમદાવાદ તરફથી ચિલોડા આવી રહી હતી ત્યારે ચાલતા જતાં આર્મી પરિવારની બે મહિલા નામે વર્ષાબેન સુહાસ સોનવત તથા સોનાલીબહેન રોડ સાઈડ પસાર થઈ રહ્યા હતા ત્યારે જીપચાલકે સોનાલી બહેનને પાછળથી જોરદાર ટક્કર મારતાં ફેંકાઈ ગયા હતા. તેમને માથાના ભાગે, પેટ તથા પગે ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારે આર્મીના સિપાઈના માણસો કસરત માટે નીકળી રહ્યા હતા ત્યારે સોનાલીબહેનના પતિ બચાવ અર્થે આવી પહોંચ્યા હતા ત્યારે તુરત આર્મીની ગાડીમાં ઈજાગ્રસ્ત સોનાલીબહેનને સારવાર અર્થે આર્મી કેમ્પ અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવાયા હતા ત્યારે સોનાલીબેનનું સારવાર બાદ મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માત અંગે વર્ષાબેન સુહાસ નારાયણ સોનવતે ફરિયાદ નોંધાવતા ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# આજે બલરામ મંદિર પરિસરમાં અષ્ટમ પાટોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે આવેલા ભગવાન બલરામ મંદિર પરિસરને આઠ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય કિસાન સંઘ દ્વારા આવતીકાલે અષ્ટમ પાટોત્સવનું આયોજન કરાયું છે. આ પાટોત્સવનો સવારે ૮ વાગે ગાયત્રી યજ્ઞ સાથે પ્રારંભ થશે.

ભગવાન બલરામજીએ આદ્યકાળથી જ અનેક પડકારો વચ્ચે સંઘર્ષ કરીને મક્કમતાથી બંજર જમીનોને ફળદ્રુપ બનાવીને કિસાનોને કૃષિ-ઋષિ સંસ્કૃતિનો મંત્ર આપ્યો હતો અને ત્યારથી તેઓ કિસાનોના આદર્શ અને પ્રેરણાસ્ત્રોત ઈષ્ટદેવ બની રહ્યા છે. આજે પણ અનેક પડકારો પોષણક્ષમ ભાવ, કૃષિ વિરોધી નીતિઓ, ભ્રષ્ટાચાર અને વિદેશી કંપનીઓના આક્રમણ જેવા પરિબળોનો સામનો કરી રહ્યા છે ત્યારે ગુજરાત કિસાનો તેમના ધ્યેય પથ પર સંગઠનને વધુ સુદઢ બનાવવાનો સંકલ્પ ભગવાન બલરામજીના સાંનિધ્યમાં કરી તેમના અવાજને બુલંદ બનાવે તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં જામનગર ખીજડા મંદિરના પ્રણામી સંપ્રદાયના પૂ. કૃષ્ણમણીજી મહારાજ તેમના પ્રેરણારૂપ આશિર્વચન આપશે. ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય મહામંત્રી પ્રભાકર કેલકર મુખ્ય મહેમાન પદે તેમજ યુએસએની એન.એફ.આઈ.એના પ્રમુખ સી.કે. પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે.

ભારતીય કિસાન સંઘ દ્વારા આ કાર્યક્રમમાં સન્માન સમારંભ અને સંતાનો આશિર્વચન સાથે સંકલ્પવિધિ યોજવામાં આવશે. આ કાર્યક્રમ બાદ ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ સંઘ દ્વારા કિસાનો તેમજ અગ્રણીઓને આમંત્રણ આપવામાં આવેલ છે.

# ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા સોમવારે સંકલ્પ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા દલિત સંકલ્પ સંમેલનનું આયોજન ૧૬ ડિસેમ્બર સોમવારના રોજ બપોરે ૨ વાગ્યે ડૉ. આંબેડકરભવન સે. ૧૨ ખાતે રાખવામાં આવ્યું છે. દલિતો પર થતા અત્યાચારો તેમજ દલિત હિતોની જાળવણી સમારંભના મુખ્ય ઉદ્દેશો રહેશે.

આ સમારંભનું ઉદ્‌ઘાટન દલિત સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સૂર્યમણી ભીગવડેજી કરશે. અધ્યક્ષ સ્થાને ગુજરાત પ્રદેશ પ્રમુખ ડી.બી. પરમાર, અતિથી વિશેષ મુકેશ ગુર્જર, મુખ્ય અતિથિ પદે પ્રેમાનંદ જગતાપ તેમજ આમંત્રિત મહેમાન પદે કરસનભાઈ મકવાણા, બળદેવભાઈ પંડ્યા, બી.પી. વણકર તેમજ અન્ય પદાધિકારી કે.કે. શાહ, મણીલાલ પરમાર, કંકુબેન રાઠોડ, સામાજીક કાર્યકર એલ.એન. પરમાર તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. વિવિધ સંસ્થાના અગ્રણીઓને હાજર રહેવા જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, મહામંત્રી રેવનદાસ સાધુ, દિનકરભાઈ પરમાર, જયંતીલાલ છત્રારિયા, પુષ્પાબેન ડોડિયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજે સે. ૨૯ના ગ્રીનસીટીમાં સુંદરકાંડ પાઠ

કળિયુગના ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજની આરાધના-ઉપાસના-સાધના કરતા 'સુંદરકાંડ પાઠ' યુવા કથાકાર ગોસ્વામી સંજય ભારતી બાબુની વ્યાસપીઠે આવતીકાલે બપોરે ૩ વાગે સેક્ટર-૨૯ના ગ્રીનસીટી ખાતે રહેતા યજમાન કૌશિકભાઈના નિવાસસ્થાને યોજાનાર છે. આ પાઠનો લાભ લેવા ધર્મપ્રેમી ભાવિક ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ગાંધીનગર પેન્શનર્સ સમાજનો પેન્શનર્સ ડે હવે ૨૨મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા પેન્શનર સમાજના વરીષ્ઠ સભ્યોનું બહુમાન કરવા માટે 'પેન્શનર્સ ડે' તા. ૧૭મી ડીસેમ્બરે યોજાવાનો હતો. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે આ તારીખમાં ફેરફાર કરવામાં આવેલ છે. હવે આ કાર્યક્રમ તા. ૨૨મી ડીસેમ્બરે રવિવારના દિવસે યોજવામાં આવશે. બદલાયેલી તારીખની જાણ જેમનું સન્માન કરવાનું છે તે તમામ સભ્યોને વ્યક્તિગત, મૌખિક કે પત્ર અને ટેલિફોન દ્વારા કરવામાં આવેલ છે. સમાજના અન્ય સભ્યોએ આની નોંધ લઈ બદલાયેલ તારીખ મુજબ હાજર રહેવા અનુરોધ કરાયો છે.

# ચિલોડા-નરોડા માર્ગ પાસેથી મૃતક હાલતમાં પુરૂષનો મૃતદેહ મળ્યો

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા પાસેથી ચિલોડાથી નરોડા તરફ જવાના માર્ગ ઉપર એક ૩૫ વર્ષીય અજાણ્યા પુરૂષનો મૃતદેહ દોઢ માસ પહેલા મળ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચિલોડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ચિલોડાથી નરોડા તરફ જતા રોડ ઉપર માર્કેટ યાર્ડની સામે રૂદ્રપ્રયાગ ફલેટોની સામેથી ૩૫ વર્ષીય અજાણ્યા પુરૂષ મૃતક હાલતમાં મળી આવેલ છે. સદર મૃતક શરીરે મધ્યમ બાંધાનો, રંગે ઘઉંવર્ણ છે. મૃતકે આસામાની કલરનો આખી બાંયનો શર્ટ તથા વાદળી કલરની ચેનવાળી બાંય વગરની બનીયાન, સફેદ કલરની સેન્ડો બનીયાન તથા કમરે લીલા કલરનું પેન્ટ પહેરેલ છે. મૃતકના ગળા ઉપર અને જમણી બાજુ કાળા તલનુ નિશાન છે. સદર મૃતદેહ હાલમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કોલ્ડરૂમમાં મુકવામાં આવી છે. આ મૃતક અંગે પરિવારજનોએ જાણકારી માટે ચિલોડા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# સે. ૪ વસાહત મંડળનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૪ વસાહત મંડળ દ્વારા સેક્ટરના નિવૃત્ત કર્મચારીઓનું તથા ૭૫ વર્ષ પુરા કરનાર વડીલોનું જાહેર સન્માન કરવાનું આયોજન તા. ૨૨મી ડીસેમ્બર રવિવારે બપોરે ૩.૦૦ કલાકે સેક્ટર-૪ના બગીચામાં કરવામાં આવેલ છે. આ સ્નેહમિલન સમારંભમાં સેક્ટરના તમામ વસાહતીઓને પરિવાર સહિત હાજર રહેવા વસાહત મંડળ તરફથી આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ગાંધીનગરના ઝાલાવાડી સઈસુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળનો સ્નેહ મિલન સમારંભ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના શ્રી ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળ દ્વારા આવતીકાલે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી સેક્ટર-૧૨ના આંબેડકર ભવન ખાતે સ્નેહમિલન સમારંભનું આયોજન કરાયું છે. આ સમારંભમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તેમજ જ્ઞાતિના અગ્રણી જે.બી. સોલંકી, નયનાબેન સોલંકી, ચારૂબેન ભગત, જયંતીભાઈ ચૌહાણ, જયેશભાઈ ગોહેલ, અંબાલાલ દરજી, ઉમેશભાઈ વાઘેલા, નરેન્દ્રભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહેશે. ગાંધીનગર સ્થિત ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિના પરિવારોને આ સ્નેહમિલન સમારંભમાં હાજર રહેવા હિતવર્ધક મંડળ દ્વારા આમંત્રણ અપાયું છે.




## ચિલોડા હાઈસ્કૂલ ખાતે વિવિધ ચટાકેદાર વાનગીના સ્ટોલોનું બજાર ધમધમી ઉઠ્યું

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા હાઈસ્કૂલના પટાંગણમાં એક અનોખો આકર્ષક આનંદમેળો ભરાયો હતો. શાળા ખાતે શિક્ષણની સાથે વિદ્યાર્થીઓ ઈતરપ્રવૃત્તિમાં રસપૂર્વક જોડાય તેવો એક નવતર પ્રયોગમાં વિદ્યાર્થીઓ વિવિધ ચટાકેદાર વાનગીના સ્ટોલો બનાવી કંઈક જાતે અનેરો ઉત્સવ માણવા આતુર બને તેવો આનંદ મેળો ચિલોડા શાળામાં યોજવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક રચનાત્મક, સર્જનાત્મકની પ્રવૃત્તિમાં સહયોગી બને તેવા ઉમદા હેતુથી સ્વયં વિદ્યાર્થીઓ બજારમાં મળતી ચટાકેદાર વાનગીના સ્ટોલો ઉભા કરી ખરીદી-વેચાણ દ્વારા આનંદ-ઉમંગનો અનેરો પ્રસંગ માણવા તલપાપડ બન્યા હતા. આ સ્ટોલોમાં વિવિધ વાનગીમાં દાબેલી, તડબૂચ, પકોડી, ઢોકળા, ખમણ, કચોરી, પાણીપુરી, ચોળાફળી, સમોસા, પૌઆ, ચા-પાણી વગેરે સ્ટોલો બનાવી જાતે જ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સાથે રમત સેન્ટરો બનાવ્યા હતા. આ મેળામાં શાળાના શિક્ષકો વાલીઓ તથા મિત્રમંડળ, વિદ્યાર્થીઓએ દરેક વાનગીનો રસાસ્વાદ માણ્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૬.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૨.૪ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૪૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ હોબીટ(અંગ્રેજી) :૯.૧૦,૧૨.૨૫,૩.૪૦,૬.૫૫,૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૯.૨૫, ૧.૫૦, ૬.૧૫,૧૦.૪૦
વૉટ ધ ફીશ : ૧૧.૩૦, ૩.૫૫, ૮.૨૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૧૦.૪૦, ૪.૪૦, ૭.૪૦
આર. રાજકુમાર : ૧.૪૦, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતર : ૧.૧૫, ૧૦.૩૦
રામ લીલા : ૪.૧૫
હેપ્પી ફેમીલી પ્રા.લિ. (ગુજરાતી) : ૭.૧૫

### સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
આર. કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
લકી કબૂતરા : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
રામલીલા : ૧.૦૦, ૭.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ હિતવર્ધક ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે
- સમસ્ત સૌરાષ્ટ્ર અનુ. સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૯.૦૦ કલાકે

### ટાઉન હોલ

- જામળા ગામ સમાજ પટેલ પરિવાર ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે
- સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે

### શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત એ.એ. પટેલ કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન સમારંભનું આયોજન ખેમજીભાઈ વિસરામ હોલ સેક્ટર-૨૩ ખાતે સાંજે ૪.૦૦ કલાકે યોજાશે. આ પ્રસંગે ગુજરાતના પ્રસિદ્ધ હાસ્યકલાકાર શાહબુદ્દીન રાઠોડ ઉપસ્થિત રહેશે.

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કન્યા** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે.

**ધન** : સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે

## ચિરવિદાય

- સ્વ. મધુબેન મહેન્દ્રભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૬૨) મુ.પો. ચાંદખેડા, તા., જિ. અમદાવાદ.
- સ્વ. મૂળજીભાઈ લાલજીભાઈ વાજા (ઉ.વ. ૮૦) ૩૪૩, જીએસએલ, જીઈબા કોલોની, ગાંધીનગર.